**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૧૯ ટકા

# ગ્રીષ્મોત્સવના ચોથા દિવસે કિર્તીદાન ગઢવીની રમઝટ






ગાંધીનગર, તા.૮

ગુજરાતના ઘરેણા જેવા ગાયક શ્રી કીર્તીદાનભાઈ ગઢવીએ અખાત્રીજે ગાંધીનગરાઓને મુહૂર્ત કરાવ્યું હતું... ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગ્રીષ્મોત્સવના ચોથા દિવસે ડાયરાના રાજા, લોકસંગીત સમ્રાટ, શાસ્ત્રીય રાગોના શહેનશાહ શ્રી કિર્તીદાનભાઈ ગઢવીએ ચાર ચાંદ લગાડી દીધા હતા.

એમ.ટી.વી ના કોક સ્ટુડિયોમાં 'લાડકી' ગાઈને આખા દેશમાં 'લાડકા' થઈ ગયેલા શ્રી કીર્તીદાનભાઈ ગઢવીએ 'લાડકી...નગરમે જોગી આયા... અને શિવતાંડવ' જેવી લોકપ્રિય રજૂઆતોથી શ્રોતાઓને ડોલાવી દીધા હતા. જોકે ડાયરાના કલાકાર સમયના દાયરામાં બંધાય એટલે બાથરૂમમાં બુલેટ ફેરવવા જેવું... એમાં બે મત નહીં, છતાં ગાંધીનગરને કિર્તીદાનભાઈ ગઢવીનો રંગ લાગી ગયો.

સાથે ગાંધીનગર જિલ્લાના જ લોકપ્રિય ગાયિકા અભિતા પટેલ હતા. ૪૦૦૦થી વધુ કાર્યક્રમો આપીને લોકપ્રિયતાના અનન્ય મુકામ પર પહોંચેલા અભિતા પટેલને સાંભળવા એ પણ એક લ્હાવો છે.

ગ્રીષ્મોત્સવ અંતર્ગત વિવિધ પ્રકારના ચાર કાર્યક્રમો સફળતાપૂર્વક યોજાયા જે ગાંધીનગરાઓ માટે અનન્ય અને અભૂતપૂર્વ અનુભવ રહ્યો.



## છેલ્લા ૧૯ વર્ષથી નાસતા-ફરતા આરોપીને એલસીબીએ ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના પોલીસ સ્ટેશનના ગુનામાં સંડોવાયેલા છેલ્લા ૧૯ વર્ષથી નાસતા ફરતા આરોપીને ગાંધીનગર એલસીબીની ટીમે ઉતરપ્રદેશથી પકડી પાડ્યો છે.



પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લા એસપી મયુર ચાવડાએ નાસતા ફરતા આરોપીને પકડી પાડવા માટે એલસીબી ટીમને સુચના આપી હતી.જેથી એલસીબીની ટીમ તે દિશામાં કાર્યરત હતી, જેને પગલે એલસીબી ટીમના અ.હે.કો.લતીફખાન, વિજયસિંહ, ઉતરપ્રદેશ ખાતે નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે ગયા હતા. તે દરમિયાન તેઓને મળેલી બાતમીને પગલે કલોલ તાલુકા પોલીસ મથકે નોંધાયેલા ગુના મુજબ મકબુલ ઉર્ફે સલામુદ્દીન ઈસ્લામુદીન પઠાણ રહે. ખરવઈ પોસ્ટ સરારરાજા તા.રાનીગંજ જી.પ્રતાપગઢ ઉતરપ્રદેશને તેના ઘરે મેળવી ને તેને તાત્કાલીક ગાંધીનગર એલસીબી કચેરી ખાતે લાવ્યા હતા. ગુના અંગે પુછપરછ કરતા વર્ષ-૨૦૦૦ માં ડ્રાઈવર તરીકે નોકરી કરતો હોવાથી કલોલ તાલુકાની એક ફેકટરીમાંથી એલ્યુમિનીયમની ભારે વજનવાળી કોયલો ભરી હતી અને તે કોયલો કંપનીની ધ્યાન બહાર વેચી મારી હતી. જે અંગે તેના વિરુધ્ધ ગુનો નોંધાયેલો હતો. નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે ચાલી રહેલી ડ્રાઈવ દરમિયાન વધુ એક આરોપીને એલસીબીએ પકડી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



પાનખરમાં પાન ખર્યા બાદ ગ્રીષ્મઋતુમાં ગરમાળાના ફૂલ આવવાના શરૂ થયા છે. શહેરમાં ઠેર ઠેર ફૂલ આંખને ઠંડક આપી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ગરમાળાના પાન આવ્યા પછી તેના ઉપર શીંગ આવે છે. જેનાથી આયુર્વેદીક દવા બને છે જે નાના બાળકોને પેટમાં દુઃખાવામાં દવા તરીકે કામમાં આવે છે. તેમજ તે સિવાય કેન્સર, કોન્સ્ટીપેશન, ઝાડા, ખીલ વગેરેના ઉપચારમાં પણ તે દવા તરીકે ઉપયોગી છે. કેરાલા રાજયનું મુખ્ય ફુલ એ ગરમાળો છે જયારે થાઈલેન્ડનું રાષ્ટ્રીય ફુલ અને વૃક્ષ બંને ગરમાળો છે. આ વૃક્ષ પીળા રંગના ફુલોથી એટલું છવાયેલું હોય છે કે કયારેક તેના પાંદડા પણ દેખાતા નથી. ગરમાળાના ફુલ માર્ચથી જુલાઈની વચ્ચે આવે છે.

## યુવતિનું ફેસબુક હેક કરી ફોટા અપલોડ કરાતા ફરીયાદ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના નવા સેકટરમાં વસવાટ કરતી અને એક ખાનગી કંપનીમાં એન્જીંનિયર તરીકે નોકરી કરતી યુવતિનું ફેસબુક હેક કરીને બિભત્સ ફોટો અપલોડ કરવાની ઘટના પ્રકાશમાં આવી છે. સતત બીજીવાર કોઈ શખ્સે બિભત્સ ફોટો મુકીને પરિવારના સભ્યોને ટેગ કરતા આખરે યુવતિએ સે-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ રાજયના અન્ય શહેરમાં ફરજ બજાવતી યુવતિ ગત તા. ૨ માર્ચના રોજ પોતાના ઘરે આવી હતી. આ સમયે યુવતિના કાકાની દિકરીએ ફોન કરીને કહ્યું હતું કે રાત્રે તારા ફેસબુક પ્રોફાઈલ પરથી કોઈએ ખરાબ ફોટો અપલોડ કર્યા છે અને સગા-સ્નેહીજનોને તેમજ મિત્રોને ટેગ કર્યુ છે. બહેનની વાત સાંભળતા જ યુવતિના પગ નીચેથી જમીન ખસી ગઈ હતી. તેણે પોતાનું ફેસબુક એકાઉન્ટ ચેક કરતા પોતાના પેજ પર ખરાબ ફોટો જોઈને તેને આંચકો લાગ્યો હતો. પોતાનું ફેસબુક એકાઉન્ટ હેક થતા યુવતિએ પોતાના મિત્રોની મદદ લીધી હતી. યુવતિએ પોતાના મિત્રો પાસેથી હેકનો રીપોર્ટ કરાવ્યો હતો. જેથી બે દિવસમાં જ તેના એકાઉન્ટ પરથી ખરાબ ફોટો દુર થઈ ગયા હતા. ત્યારબાદ યુવતિને જીમેઈલ પરથી મેઈલ આવ્યો હતો જેમાં એક ઈ-મેલ આઈડી અને વિદેશનો કોઈ નંબર અપાયો છે. જેના દ્વારા એકાઉન્ટ હેક થવાનું કહેવાયું છે. જેને પગલે ઈ-મેલ આઈડી અને ફોન નંબર પરથી યુવતિએ પોતાની રીતે મિત્રોની મદદથી શોધખોળ કરી હતી. પરંતુ તેને કશું હાથ ન લાગતા આખરે તેણે મંગળવારે રાત્રે આ અંગે સેકટર-૭ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે.પોલીસે ફરીયાદ નોંધી વધુ તપાસ હાથધરી છે.

## સે-૨ સ્વામિનારાયણ મંદિરે વૉટરકુલર અને પાણી ટાંકીની ભેટ



ગાંધીનગરમાં મહાનગરપાલિકાના વોર્ડ નં.૮માં સમાવિષ્ટ સેકટર-૨ના સ્વામિનારાયણ મંદિર ખાતે દર્શનાર્થીઓને ઉનાળાની આકરી ગરમીમાં તરસ છીપાવવા ઠંડુ પાણી મળી રહે તે હેતુથી સ્થાનિક નગરસેવક પાયલબેન મેણાત દ્વારા તેમની ગ્રાંટમાંથી વોટરકુલર મુકવામાં આવ્યું છે. આ ઉપરાંત ૫ હજાર લીટરની કેપેસીટી ધરાવતી પાણીની ટાંકી ઉપરાંત ૧૫ નંગ ખુરશીની વ્યવસ્થા પણ પુરી પાડવામાં આવી છે. તમામ સુવિધાના લોકાર્પણ પ્રસંગે મંદિરના સ્વામી મહારાજ દ્વારા પૂજાપ્રસાદ વિધિ કરવામાં આવી હતી જે પ્રસંગે નગરસેવક ઉપસ્થિત રહ્યા હતા.

## જૈવિક નિયત્રંણ પ્રયોગશાળામાં આગ લાગતા દોડધામ મચી




ગાંધીનગર, તા.૮

ઉનાળાના પ્રારંભે જ શહેરમાં આગ લાગવાના કિસ્સા વધી જવા પામ્યા છે. ત્યારે શોર્ટ સર્કિટને પગલે આગ લાગવાના ૧૦ થી વધુ બનાવ નોંધાયા છે. આજે સવારના સવા અગીયાર વાગ્યાના અરસામાં ગાંધીનગર શહેરના ગ-૫ પાસે આવેલ નાયબ ખેતી નિયામકની કચેરીની પ્રયોગશાળામાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. જેથી કામ કરતા કર્મચારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. જૈવિક કચેરીની લેબમાં એસીમાં શોર્ટ સર્કિટથી આગ લાગી હતી.જેમાં ત્રણ એસી, પંખા, ટયુબ લાઈટ અને વાયરીંગ બળીને ખાક થઈ ગયું હતું. તો લાકડાની જીવડા ઉછેર ચેમ્બરને આગને પગલે નુકશાન થવા પામ્યું હતું. ઘટના સમયે લેબમાં બે ત્રણ કર્મચારી હાજર હતા. આગની જાણ ફાયર બ્રિગેડને કરતા ટીમના જવાનોએ સ્થળ પર પહોચીને આગ વધુ વિસ્તરે તે પહેલા તેના પર કાબુ મેળવી લીધો હતા. જયારે આગ લાગતા ધુમાડાના ગોટે ગોટા દેખાતા અન્ય નાગરીકો પણ એકઠા થઈ ગયા હતા. આગ લાગી હતી તે રુમની દિવોલો કાળી થઈ ગઈ છે. જયારે આગને પગલે કચેરીને લાખો રૂપીયાનું નુકસાન થવા પામ્યું છે. જો કે આગને પગલે કોઈ જાનહાની થવા પામી નથી.

## ગાંધીનગરના કલાકારે ગુજરાતના કલાકસબીને પ્રભાવિત કર્યા




ગાંધીનગર કલ્ચરલ ફોરમના રજતજયંતિ પર્વ પ્રસંગે ઉજવાઈ રહેલા 'ગ્રીષ્મોત્સવ'માં ગુજરાતના લોકસંગીતના સુપ્રસિધ્ધ કલાકાર કિર્તીદાન ગઢવીએ લોકડાયરાની મોજ કરાવી હતી. ગાંધીનગરમાં લોકસંગીત ક્ષેત્રે કાર્યરત ગાયક તથા જાણીતા ચિત્રકાર રાજુભાઈ શ્રીમાળીએ કિર્તીદાન ગઢવીનું રેખા ચિત્ર તૈયાર કર્યું હતું તે આ પ્રસંગે કિર્તીદાન ગઢવીને અર્પણ કરતા તેઓ પ્રસન્ન થઈ ગયા હતા. રાજુભાઈની ચિત્રકલાથી પ્રભાવિત કિર્તીદાને ચિત્રની નકલ પર રાજુભાઈને સ્નેહથી 'ઓટોગ્રાફ' આપી પ્રસંશા કરી હતી.

# વાવોલની શ્રીયા પટેલે સીબીએસઈ બોર્ડમાં ૯૫.૮ ટકા મેળવ્યા

**સે-૨ ૩માં સ્વામિનારાયણ ગુરુકુળમાં અભ્યાસ કરતી શ્રીયા પટેલને ડોકટર બનવું છે : સામાજિક વિજ્ઞાનમાં ૧૦૦ અને વિજ્ઞાનમાં ૯૯ ગુણ મેળવ્યા**

ગાંધીનગર, તા.૮

તાજેતરમાં સેન્ટ્રલ બોર્ડ ફોર સેકન્ડરી એજયુકેશન એટલે કે સીબીએસઈ બોર્ડના ધોરણ-૧૦ની પરીક્ષાઓનું પરિણામ જાહેર થયું છે. જેમાં ગાંધીનગરના સેકટર-૨૩માં સ્વામિનારાયણ ગરુકુળ સ્કૂલમાં અભ્યાસ કરતી વાવોલમાં રહેતી વિદ્યાર્થીની શ્રીયા અશ્વિનભાઈ પટેલે ૯૫.૮ ટકા સાથે સ્કૂલમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. મેડિકલ ક્ષેત્રે અભ્યાસ કરી ડોકટર બનવાના ધ્યેય સાથે અભ્યાસ કરતી શ્રીયાએ સામાજિક વિજ્ઞાનમાં ૧૦૦માંથી ૧૦૦ અને વિજ્ઞાનમાં ૧૦૦માંથી ૯૯ તથા ગણિતમાં ૧૦૦માંથી ૯૫ ગુણ પ્રાપ્ત કર્યા છે.

ગાંધીનગર તાલુકાના ઉનાવા અને હાલ વાવોલની સંકલ રેસિડેન્સમાં રહેતા અશ્વનભાઈ પટેલ જેઓ ઉત્તર ગુજરાત વીજ કંપનીમાં કલોલ તાલુકાના પાનસર સબ સ્ટેશનમાં સ્વીચ બોર્ડ ઓપરેટર તરીકે ફરજ બજાવે છે તેમની દીકરી શ્રીયાએ ધો-૧૦માં સીબીએસઈ બોર્ડમાં ૯૫.૮ ટકા જેવું ઉજજવળ પરિણામ હાંસલ કર્યુ છે. શ્રીયાની માતા સ્મિતાબેન ગૃહિણી છે જેઓ શ્રીયાને તૈયારીઓમાં સવારે જગાડી નાસ્તો બનાવી આપવાથી માંડીને રાત્રે વાંચન માટે જાગતી દીકરીનું ધ્યાન રાખવા સુધી તમામ બાબતોમાં ખડે પગે મદદરૂપ થયા છે. તેઓ કહે છે કે, 'મારી શ્રીયા પહેલેથી ભણવામાં હોંશિયાર



છે.' પિતા અશ્વિનભાઈ કહે છે, 'શ્રીયા તેની જાતે જ મહેનત કરતી હતી, અમારે કહેવાની જરૂર જ નહોતી પડતી.' શ્રીયાના દાદા શંકરભાઈ પટેલ નિવૃત્ત શિક્ષક છે, શ્રીયા કહે છે, 'દાદાની પ્રેરણા મને ખૂબ કામ લાગી છે.'

સ્વામિનારાયણ ગુરુકુલમાં અભ્યાસ કરતી શ્રીયા અભ્યાસ સાથે સેકટર-૧૬ સ્થિત ચેમ્પ્સ એકેડેમીની તાલીમાર્થી છે. શ્રીયાએ બોર્ડની પરીક્ષા માટે ડિસેમ્બર પહેલા તમામ કોર્સ પુરો કર્યા પછી પરીક્ષા સુધીમાં બેવાર સમગ્ર કોર્સનું રિવિઝન કર્યુ હતું. શ્રીયાનું માનવું છે કે ચેમ્પ્સ એકેડેમીના ગ્રુપ ડિસ્કશનથી તેનો ખૂબ ફાયદો થયો છે. શ્રીયાનું સ્વપ્ન ડોકટર બનવાનું છે કારણ કે બાયોલોજી તેનો ફેવરિટ સબ્જેકટ છે તે માને છે કે તબીબનો વ્યવસાય માનવીની જીંદગી સાથે સંકળાયેલો હોવાથી ખૂબ પવિત્ર વ્યવસાય છે. શ્રીયાને અભ્યાસ ઉપરાંત ગાવું અને લખવું ખૂબ ગમે છે. તે અરિજીતસિંહની ફેન છે અને વિવિધ સામાજિક સમસ્યાઓ પર લેખન કરે છે તે માને છે કે અનામત પ્રથામાં લાયકાતને ન્યાય મળતો નથી. શ્રીયા તેની તૈયારીઓ દરમિયાન ફ્રેશ થવા અડધો કલાક જ ટીવી જોતી અથવા મોબાઈલ પર કેન્ડીક્રશ ગેમ રમી લેતી હતી તેણે અત્યારથી મેડિકલમાં પ્રવેશ માટે નીટની તૈયારીઓ આરંભી દીધી છે.

### શ્રીયા રોજનું કામ રોજ પતાવે છે

શ્રીયા જયાં ટયુશન લેતી હતી તે ચેમ્પ્સ એકેડેમીના સંચાલક કેવલ પુલક ત્રિવેદીએ જણાવ્યું હતું કે 'શ્રીયા કલાસમાં નાનામાં નાની ટેસ્ટમાં પણ હંમેશા એ-વન ગ્રેડ મેળવતી હતી તેની યાદશકિત ફોટોગ્રાફિક છે, એકવાર જે વાંચે તે તેને યાદ રહી જાય છે. આમ તો તેની ક્ષમતા તો હજુ આથી વધુ સારા પરિણામની છે. જે હવે ધો-૧૨ની બોર્ડની પરીક્ષામાં પૂર્ણ કરશે. તેની સારી બાબત એ છે કે હંમેશા રોજનું કામ રોજ પતાવે છે, જયાં સુધી તેના પ્રોબ્લેક સોલ્વ ના થઈ જાય ત્યાં સુધી તે ઘરે નહોતી જતી'.

**@ગાંધીનગર**

● બહુચર મંડળ દ્વારા મહાકાળી માતાજી મંદિર મુ. લાકરોડા ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● ગીતાબેન પટેલના નિવાસસ્થાન ૧૬૩ શ્રી રંગ પાર્ક હડમતીયા ખાતે રાત્રે ૮ થી ૧૧ આનંદનો ગરબો યોજાશે.

### ચિરવિદાય

- સ્વ. વાઘેલા જશુબા ઈશ્વરસિંહ, ઉ.વ. ૭૨
- સ્વ. નારણભાઈ રેવાશંકર ભોજક, ઉ.વ. ૮૩
- સ્વ. પ્રજાપતિ રેવાબેન બહેચરભાઈ, ઉ.વ. ૮૧
- સ્વ. દાદુભા રતનસિંહ રાઠોડ, ઉ.વ. ૫૬